ક્રમાંક:જીઆઇડીસી/એએલટી/પોસ્ટ-
વિતરણ/પોલિસી/ ૨૦
જીઆઇડીસી, વડી કચેરી, ગાંધીનગર.
તા.૧૯/૧૦/૨૦૨૬

// પરિપત્ર //

વિષય : સાયખા ઔદ્યોગિક વસાહતમાં કેમિકલ હેતુ માટે ફાળવેલ પ્લોટોના વપરાશની સમયમર્યાદા તા.૩૧/૦૧/૨૦૨૮ સુધી વધારવા બાબત.

સંદર્ભ : નિગમના પરિપત્ર ક્રમાંક : જીઆઇડીસી / એએલટી / પોસ્ટ-વિતરણ / પોલીસી / ૦૪, તા.૨૦/૦૫/૨૦૨૫.

નિગમ દ્વારા સાયખા ઔદ્યોગિક વસાહત ખાતે ઔદ્યોગિક પ્લોટોની ફાળવણી કરવામાં આવેલ છે, જેમાં ફાળવણીદારોને પ્લોટ ઉપર બાંધકામ કરીને નિયત સમયમાં વપરાશ શરુ કરવા માટે નિગમના નીતિ નિયમ મુજબ મોરેટોરિયમ સમયગાળો આપવામાં આવે છે. જે સમયગાળામાં પ્લોટનો વપરાશ ફાળવણીદારે કરવાનો રહે છે. પ્લોટની ફાળવણી કર્યા બાદ ફાળવણીદાર નિયત સમયગાળામાં પ્લોટનો વપરાશ કરી શક્યા ન હોય તો પ્લોટ વપરાશ માટેની સમયમર્યાદા વધારી આપવાની અરજી કર્યેથી નિગમની તા.30.03.૨૦૧૦ ની નીતિ મુજબ પ્લોટની ફાળવણી તારીખથી વધુમાં વધુ ૬ વર્ષ સુધી વણવપરાશી દંડ વસુલીને પ્લોટ વપરાશની સમયમર્યાદા વધારી આપવામાં આવે છે. ઉપરાંત, નિગમની તા.૧૮.૧૦.૨૦૨૪ ની નીતિમાં નિયત થયેલ જોગવાઇ અનુસાર સદર નીતિ બાદ ફાળવણી થયેલ પ્લોટમાં બાંધકામના નકશા મંજુર કરાવી બાંધકામ શરૂ કરેલ હોય તો દંડની વસુલાત વિના ફાળવણીથી ૬ વર્ષ સુધી વપરાશી સમયમર્યાદા વધારી આપવામાં આવે છે.

સાયખા વસાહતની આંતરમાળખાકીય સુવિધાઓના વિલંબના પરિણામે અગાઉ સંદર્ભિત પરિપત્રથી ઔદ્યોગિક પ્રકારની મિલ્કતોમાં પ્લોટ વપરાશની સમયમર્યાદા તા-૩૧/૦૧/૨૦૨૭ વધારી આપવામાં આવેલ.

સાયખા વસાહતમાં પ્લોટ વપરાશની સમયમર્યાદા સીઇટીપી અને ડીપ સી પાઇપલાઇનના કામો સંપૂર્ણપણે કાર્યરત થયાથી વધુ ૩ (ત્રણ) વર્ષ સુધી વધારી આપવા અંગે સાયખા ઔધોગિક વસાહત મંડળની રજુઆત, ઈજનેરી શાખા દ્વારા સીઇટીપી અને ડીપ સી પાઇપલાઇનના કામો કાર્યરત થવા અંગે

આપવામાં આવેલ વિગતો તથા અગાઉ વપરાશની સમયમર્યાદા વધારી આપવાનાં સંદર્ભિત પરિપત્રની અરજી કરવાની સમયમર્યાદા પૂર્ણ થયેલ હોય તે ધ્યાને લઇ, સાયખા વસાહતમાં કેમિકલ પ્રકારના ઉદ્યોગો માટે ફાળવણી કરેલ ઔદ્યોગિક પ્લોટમાં વપરાશની સમયમર્યાદા તા.૩૧/૦૧/૨૦૨૮ સુધી વધારી આપવા બાબતે નિગમની ૫૨૭મી સભામાં ઠરાવ ક્રમાંક :૬૪/ પો.વિતરણ/ ૫૨૭/ ૨૦૨૬, તા.૦૮/૧૦/૨૦૨૬ થી પસાર કરવામાં આવેલ છે. જે અન્વયે નીચે મુજબની નીતિ અમલમાં મૂકવામાં આવે છે.

1. સદર નીતિનો લાભ સાયખા ઔદ્યોગિક વસાહત ખાતે કેમિકલ પ્રકારના ઉદ્યોગો માટે ફાળવેલ ઔધોગિક મિલકતોના ફાળવણીદારને જ મળવાપાત્ર રહેશે. જેમાં પ્લોટના વપરાશની હાલની સ્થિતિને ધ્યાને લીધા સિવાય તમામ ફાળવણીદારોને સદર નીતિ હેઠળ વણવપરાશી દંડની રકમ વસૂલ કર્યા વિના પ્લોટના વપરાશની સમયમર્યાદા તા.૩૧/૦૧/૨૦૨૮ સુધી વધારી આપવાની રહેશે.
2. ફાળવણીદારે વધારી આપવામાં આવેલ સમયમર્યાદામાં નિગમના નીતિ નિયમ મુજબ બાંધકામ કરી પ્લોટનો વપરાશ તા.૩૧/૦૧/૨૦૨૮ સુધીમાં કરવાનો રહેશે તેમજ ફાળવણીદારે મિલકત વપરાશી હોવાનુ સર્ટીફિકેટ મેળવવા માટે પ્લોટ વપરાશના પુરાવાઓ એટલે કે બાંધકામના ફોટોગ્રાફ્સ, કાયમી વિજ જોડાણનું પ્રમાણપત્ર અને વીજવપરાશનું સ્ટેટમેન્ટ ઓનલાઈન માધ્યમથી રજૂ કરી Utilization Certificate તા.૩૧/03/૨૦૨૮ સુધીમાં મેળવી લેવાનું રહેશે.
3. નિગમના તમામ બાકી લ્હેણાં વસૂલ લેવાના રહેશે.
4. સદર મિલકતનો ફાળવણીદાર દ્વારા નિગમના નીતિ નિયમ મુજબ વધારી આપવામાં આવેલ સમયમર્યાદામાં વપરાશ કરવામાં આવેલ છે/ આવશે અને ત્યારબાદ Utilization Certificate ઉપરના મુદ્દા નં. 2 મુજબ મેળવી લેવાનું રહેશે. જો નિગમ દ્વારા વધારી આપવામાં આવેલ સમયમર્યાદામાં ફાળવણીદારશ્રી દ્વારા મિલકતનો વપરાશ કરવામાં નહી આવે તો નિગમના નીતિ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.
5. જીપીપી એક્ટ હેઠળ જે કિસ્સામાં પ્લોટ/શેડનો કબજો નિગમ દ્વારા પરત લેવામાં આવેલ હોય કે જીપીપી એક્ટ ૧૯૭૨ ની કલમ ૫(૨) હેઠળ પ્લોટનો કબ્જો મેળવવાનો હુકમ કરવામાં આવેલ હોય તેવા ફાળવણીદારોને સદર નીતિ અંતર્ગત લાભ મળવાપાત્ર રહેશે નહી.
6. સદર નીતિ અંતર્ગત જે કિસ્સામાં મૂળ ફાળવણીદારની પેઢીનું માત્ર નામ બદલાતું હોય, વારસાઈ થતી હોય તથા ઔપચારિક પ્રકારની તબદીલી બનતી હોય તો આ પ્રકારના કિસ્સામાં નેમ

ચેન્જ/વારસાઈ/ઔપચારિક તબદીલીની સાથે પ્લોટના વપરાશની સમયમર્યાદા વધારાનો લાભ મળશે. જેમાં કોઈપણ પ્રકારના દંડની રકમ વસુલ મેળવ્યા સિવાય મંજુરી આપવાની રહેશે.

7. જે કિસ્સાઓમાં વણવપરાશી દંડ વસૂલાઇ આખરી હુકમ/નિર્ણય થઈ ગયેલ હોય તેવા કિસ્સાઓ પુનઃ વિચારણામાં લેવાનાં રહેશે નહીં.
8. સદર નીતિનો લાભ સાયખા ઔદ્યોગિક વસાહત ખાતે કેમિકલ હેતુ માટે ફાળવેલ ઔધોગિક પ્લોટો માટે આપવામાં આવે છે. જે માટે ફાળવણીદારશ્રીએ કોઈ અલાયદી અરજી કરવાની રહેશે નહીં.

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

સહી/-

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

જીઆઇડીસી, ગાંધીનગર.

પ્રતિ,

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

<u>નકલ રવાના :</u>

૧. જનરલ મેનેજરશ્રી (ગ્રેડ-૧) (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર ...... તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવાં સારૂ તેમજ ઓનલાઇન મોડ્યુલમાં યોગ્ય સુધારા કરવા સારૂ.

૨. પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોશિએશન, ગાંધીનગર તરફ જાણ સારૂં.

૩. પ્રમુખશ્રી, સાયખા ઔધોગિક વસાહત મંડળ તરફ જાણ સારૂં.

રવાના કર્યું,

HC

જનરલ મેનેજર ગ્રેડ-૧ (મહેકમ)